# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

મફત મળતા ધાણા આસમાને ચઢે છે,
મેઘો નહીં મોંઘારત આસમાને ચઢે છે,
આસમાને ચઢ્યાં છે હવે રોજનાં દુષ્કર્મ -
ગુન્હાખોરીનું પ્રમાણ આસમાને ચઢે છે.

## હાઇકુ

આમને આમ -
પૈસાની રેલંછેલે -
છટકી જશે!
(વિસ્મય નું વિસ્મય)

પક્ષ પલ્ટામાં,
પસાર થઇ ગયાં -
પોણો સો વર્ષ..
(બાપુનું નાવડું હજુ કાંઠે જ)

## ચિંતન

**સંપૂર્ણ કુંભો ન કરોતિ શબ્દમર્ધો ઘટો ઘોષ મુપૈતિ નૂનમ્ ।**
**વિદ્વાન કુલીનો ન કરોતિ ગર્વ ગુણૈર્વિહીના બહુ જલ્પ યન્તિ ॥**

'છલોછલ ભરેલો ઘડો અવાજ પણ કરતો નથી અને છલકાતો પણ નથી. જયારે અર્ધો ભરેલો ઘડો અવાજ પણ કરે છે અને છલકાય પણ છે... ઉચ્ચ કુળમાં જન્મેલા વિદ્વાન પોતાની વિદ્યાનું અભિમાન તો નથી જ કરતો અને એ બાબતે કયાંય કશું બોલતો પણ નથી. જયારે ગુણ વિનાનો અર્ધો જ્ઞાની-અજ્ઞાની બહુ બબળાટ કરી પોતે કંઇ જાણે છે એવું બતાવવા સતત પ્રયત્નશીલ રહે છે.'

જે સંપૂર્ણ-અજ્ઞાની-અધકચરું જ્ઞાન ધરાવે છે એ પોતે 'જાણે છે' એવું બતાવવા વારંવાર સંદર્ભ વિના સંસ્કૃતના શ્લોકો કે ઘટનાઓનો ઉલ્લેખ કરી પોતાની વિદ્વતા જાહેર કરવાના સદાય પ્રયત્નપૂર્વક ફાંફાં મારે છે.

ખરેખરો - સાચો જ્ઞાની લગભગ મૌન રહે છે અને પૂછ્યા વિના કદી પણ મત-અભિપ્રાય-જ્ઞાન વ્યક્ત કરતા નથી. જ્ઞાની નિરાભિમાની અને સરળ સ્વભાવના હોય છે. જ્ઞાન માણસને વિવેકી અને નમ્ર બનાવે છે.

## સુવિચાર

- જે ગરીબી આળસ, વ્યસન અનીતિ અને બેફામ ખર્ચાને કારણે આવી હોય તો જરૂર શરમજનક ગણાય.. એ સિવાયની ગરીબી માટે જરાય શરમાવાનું ન હોય **- સાંઇરામ દવે**
- લક્ષ્ય ત્યારે જ સાધી શકાય જયારે આપણા પ્રયત્નો ને બીજા સાથે સરખાવીએ **- સ્પેનિશ કહેવત**
- સમુદ્રના મોજાં ના માર્ગમાં જો પથ્થરોની પથારી નહોય તો એ લહેરો ગુંજતી નથી **- ડો. ચંદ્રકાન્ત મહેતા**
- કોઇ પણ સ્ત્રીનો ઉછેર કેવો છે એ ઝઘડામાં એના આચરણ દ્વારા વ્યક્ત થતું હોય છે **- એસ. ભટ્ટાચાર્ય**
- સંસાર જેને અસાધારણ બુધ્ધિ પ્રતિભા કહે છે એ વાસ્તવમાં તો 'કોમન સેન્સ'નો ખજાનો હોય છે **- થોમસ આલ્વા એડીસન**
- સન્માન વગરની સફળતા તમારી ભૂખ તો શમાવી દે છે.. પણ એ મીઠા વગરના ભોજન જેવી સ્વાદવિહીન છે **- માનસસૂત્ર**
- એક સફળ સંવાદનું રહસ્ય એ છે કે તમે વગર અસંમત થયે અસંમત છો**- એસ.એમ.એસ.**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આજે યુદ્ધમાં દગાબાજી - છેતરપીંડી અને બોંબમારામાં અનેક નિર્દોષના મૃત્યુ થાય છે. એક બાજુ મૈત્રીની વાતચીત કરે અને બીજી તરફ ઘૂસણખોરી આજે તો યુદ્ધ અને ધર્મ વચ્ચે ઊંડી ખાઇ છે.

નેપોલીયને ઓસ્ટ્રીયાની રાજધાની પર હુમલો કરવા તેના કોટની ચારે તરફ સૈન્ય ગોઠવ્યું અને યુદ્ધ વિના જ પરાસ્ત કરવા-એક શાંતિદૂત મોકલ્યો. તે રાજવી રોબીનસન ને મળવા જતો જ હતો વચ્ચે જ કોઇએ તેને મારી નાખ્યો.

નેપોલીયન આ ઘટનાથી ખૂબ ગુસ્સે થયો. અને બોંબમારો શરૂ કરવાનો આદેશ આપ્યો. હજુ તો થોડા બોંબ પડ્યા કે કિલ્લામાંથી સફેદ ધ્વજ લઇ એક શાંતિદૂત આવ્યો. તે દોડતો દોડતો આવ્યો અને નેપોલીયનને મળ્યો કહ્યું - સાહેબ, ઓસ્ટ્રીયાની રાજકુમારી અંતિમ શ્વાસ લે છે તેના પ્રાણની રક્ષા કરવા ખૂબ પ્રયત્નો ચાલે છે પરંતુ આપ બોંબમારો થોડીવાર માટે અટકાવી ધો તો કદાચ રાજકુમારીનો જીવ બચી જાય!

નેપોલીયને સેનાપતિને બોલાવી બોંબમારો અટકાવી દેવા આદેશ આપ્યો અને કહ્યું અત્યારે યુદ્ધનીતિ ન થાય, ધર્મનીતિ સમજાવી જોઇએ.

Email - sureshchandrabhatt18@gmail.com

# બાળકને શું આપશો? સ્નેહાળ વડીલોની માવજત કે બેબીસિટરની દેખરેખ!

## વિચારયાત્રા

- ડો. જય ઓઝા

**વિભક્ત કુટુંબમાં માતાપિતા બંને નોકરી કરતાં હોય એવા અનિવાર્ય સંજોગોમાં બાળકોને 'બેબીસિટર' પાસે મૂકવા પડે તો ખચકાટ ન અનુભવતા, પણ મૂકતાં પહેલાં બધી જાતની ચકાસણી કરીને જ નિર્ણય લેવો**

હાશ, અમંરિકાના વિઝા મળી ગયા, હવે હું અમેરિકા મારી પૌત્રીને રાખવા રમાડવા જવાની ઇચ્છા પુરી કરી શકીશ. મીનાબહેનના ચહેરા પરની ખૂશી ઘણું કહી જતી હતી. તેમની પુત્રી પૂર્વી અમેરિકામાં છેલ્લાં પાંચ વર્ષથી રહેતી હતી. થોડા સમય પહેલાં તેના જીવનમાં પુત્રી જન્મથી આનંદ છવાઇ ગયો. તેણે નોકરીમાંથી મર્યાદિત રજા લીધી હતી. તેની જોબ ઘણી સારી હતી. વળી ઘરની નજીકમાં હોવાથી તેને તે છોડવી ન હતી. પ્રસૂતિ માટે તેના સાસુ આવીને રહ્યાં હતા. થોડા સમય બાદ તે તેમના નાના દીકરાને ઘરે સારા સમાચાર હોવાથી ત્યાં રહેવા ગયા. હવે બાળકીને સંતોષપ્રદ સેવા આપતી 'બેબીસિટર' પાસે મૂકવાન ખર્ચ એક લાખ જેટલો હતો. વળી નાની બાળકીને અજાણ્યા પાસે મૂકવાનું પૂર્વીને પસંદ પણ ન હતું. અમેરિકામાં રહેતી હોવ છતાં તેની પુત્રી ભારતીય સંસ્કાર મેળવીને ઉછેરે તેવી દંપતીની ઇચ્છા હોવાથી પૂર્વીએ પતિ રિકેનની સંમતિ લઇને તેની માતા મીનાબહેનને બોલાવવાનો વિચાર કર્યો.

જયારે મુંબઇમાં રહેતી કાજલે પુત્રી દેવશ્રીને બેબીસિટર પાસે મૂકવાનો નિર્ણય ઘરમાં જણાવી દીધો. તેણે વિચાર્યું કે ઘરમાં આખો દિવસ દાદા-દાદીના લાડચાગમાં ઊછરશે તો કદાચ મોટી થઇને જિદ્દી થઇ જશે. તેના સ્વભાવને લીધે પતિ સહિત બધાએ ચુપકીદી સાધી લીધી. બેબીસિટર પાસેથી જયારે તેની લાડકી ઘરે આવતી ત્યારે તે ખુશ રહેવાને બદલે એકદમ થાકેલી લાગતી. વળી જેવી તે ઘરમાં પગ મૂકતી અને તરત જ ખુશખુશાલ થઇને તેના દાદાના ખોળામાં પેસીને મસ્તી કરવા લાગતી. હવે એક દિવસ બન્યું એવું કે બેબીસિટર વાળી મેડમને થોડા દિવસ બહારગામ જવાનું થયું. તેણે બાળકોના માતા-પિતાને બોલાવીને જણાવી દીધું કે એક સપ્તાહ માટે હું તમારા બચ્ચાઓને રાખી શકીશ નહીં. વળી તમારે મારી ફીમાંથી પણ રૂપિયા કાપવાનાં નહીં. આ સાંભળીને કાજલ તો સ્તબ્ધ થઇ ગઇ. નોકરી કરીને થાક્યા પાક્યા ઘરે આવો તો કામવાળી બાઇ મનફાવે ત્યારે રજા લઇ લે. તેના પગારમાંથી પણ એક રૂપિયો કાપવાનો નહીં. કાપો તો બીજા દિવસથી કામમાં વેઠ ઉતારવા માગે. પણ જો કોઇ કારણસર તેને પોતાની નોકરીમાં રજા પાડવી પડે તો તરત જ પગાર કપાઇ જતો હોય છે. હવે આવી પરિસ્થિતિમાં કરવું તો શું કરવું તે પ્રશ્ન આજની વામાને સતાવતો હોય છે. ત્યારે મને સમજાયું કે આ રીતે તો અમારી કમાણી બીજાને રજાઓનો પગાર આપીને ખર્ચાઇ જશે. બાળકીને પણ ત્યાં રહેવું પસંદ નથી. લાંબાગાળાનો વિચાર કરીને તેણે બાળકીના ફક્ત પંદર દિવસનાં પૈસા ચૂકવીને, ઘરનાં વડીલોનાં લાડ પ્યારનાં ઊછેરને જ શ્રેષ્ઠ માન્યો.

માન્યું કે આધુનિક યુગની માંગ પ્રમાણે પતિ-પત્ની બંને કમાય તો જ મોંઘવારીને પહોંચી વળવું શક્ય બને. બાળકોને ઉચ્ચ શિક્ષણ આપવું હોય તો બે વ્યક્તિ કમાતી હોય તો જ પોસ્ટ ગ્રેજ્યુએશનનો ખર્ચો ઉઠાવી શકાય. કોલેજની ફીની સાથે ખાનગી કલાસીસ કે ટ્યુશનનોની ફી જ અધધધ વધી ગઇ છે. ત્યારે આજની વામાને નોકરી કરવી આવશ્યક છે. અનિવાર્ય સંજોગોમાં બાળકોને 'બેબીસિટર' પાસે મૂકવા પણ પડે તો ખચકાટ ના અનુભવતા. મૂકતા પહેલાં બધી જાતની ચકાસણી કરીને નિર્ણય અવશ્ય લેવો. પોતાના જ બાળકની જેમ સંભાળ લે, તેવી સારી સેવા આપતી સંસ્કારી વ્યક્તિ આપણી આજુબાજુ જરૂર હોય જ છે.

ભારતમાં આજે સંયુક્ત કુટુંબો તૂટતા જાય છે. જયારે વિદેશોમાં રહેતા બાળકો ખાસ પોતાના માતાપિતા કે સાસુ-સસરાને તેમના બાળકોને ભારતીય સંસ્કાર મળી રહે તે માટે ભારતની બોલાવતા હોય છે. જયારે ભારતમાં તો વાત જુદી જ બની રહી છે. પોતાના સંતાનો તેમના દાદા દાદીને કે નાના-નાનીના લાડકોડથી બગડે નહીં તેવું જણાવીને તેમને વધુ પડતું હળવા-મળવા દેવામાં આવતા નથી. કમાતા માતાપિતા તો પોતાના પગારનો સારો એવો હિસ્સો 'બેબીસિટર'ને આપીને અહંકારથી જણાવતા હોય છે કે આજકાલ દાદાદાદીની સંભાળ લેવા કરતાં બાળકોને પૈસાં ખર્ચીને બેબીસિટરમાં મૂકવાથી બીજા બાળકોની સાથે કંઇક નવું શીખી તો શકે જ ને! હવે તેમને કોણ જણાવે કે તે મેડમને તો તમારી પાસેથી વધુને વધુ રૂપિયા કેમ મળે તેની ચિંતા હોય છે. તેને તમારા બાળકે શું ખાધું કે તે શું રમી રહ્યો છે તેની દરકાર હોતી નથી. સમાજના દરેક ક્ષેત્રમાં સારી નરસી વાતો સાંભળવા મળતી જ હોય છે. ઉત્તમ વિચારો અચૂક સારા પરિમાણો આપતા જ હોય છે.

વિદેશમાં તો ખાસ લાયકાત ધરાવતી 'બેબીસિટર'નો ધંધો ધમધોકાર ચાલતો હોય છે. ત્યાં કલાકના હિસાબે ફી ચૂકવવી પડતી હોય છે વળી જો તે બાળક તેની કંપનીમાં ખુશ દેખાતું હોય તો 'નેની' ની ઉપર બક્ષિસોનો વરસાદ વરસે છે. વળી કહેવાતાં શ્રીમંત કુટુંબો તો ખાસ નેનીને તેમની સાથે તેમના ખાનગી આઇલેન્ડ પર રજાઓ ગાળવા લઇ જાય છે. તેની બધી જ સગવડો પણ ત્યાં સચવાતી હોય છે. જેમને ખાસ વિદેશી ભાષા જેવી કે ફ્રેન્ચ કે સ્પેનીસ ભાષા આવડતી હોય તેમને નેનીની જોબ માટે ખાસ પસંદ કરવામાં આવે છે. અમેરિકામાં તો બેબીસિટરની જોબ કરતી નેની પોતાની આવડતથી અસીલને ખુશ કરીને પોતાનું ટેનામેન્ટ બનાવે તો છે જ પણ આ નેની પોતાનું પ્રાઇવેટ આઇલેન્ડ વર્ગના બાળકોને સાચવીને તેમના પેરેન્ટ્સના દિલ જીતી લેતા આ બેબીસિટરો સારી રીતે જાણે છે. કહેવાય છે કે દરેક વ્યક્તિની અંદર એક બાળક છુપાયેલો હોય છે. રોજબરોજની જિંદગીની ઘટમાળમાં તે બાળક ક્યારેક જાગી જાય છે. જે તેને તેના સુંદર બાળપણની યાદોને તાજી કરાવે છે. જાણે કે બાળપણ અને બાળક એકબીજાના મિત્ર જ કહોને. કોઇ પણ ઉંમર ધરાવતી વ્યક્તિને તેના બાળપણની યાદો સાથે રમણીય સંબંધ હોય છે. ભારતીય સંસ્કારના વારસાનો, દાદા-દાદી કે નાના-નાનીના વાત્સલ્યથી ભરપૂર પ્રેમનો, બાળકના જીવન ઘડતરમાં અમૂલ્ય ફાળો જ અચૂક હોય છે. કંઇ કેટલીય યાદો હોય છે. દાદા-દાદી અને પૌત્ર-પૌત્રીના સંબંધોમાં. કોઇ પૌત્ર નાની દ્વારા કરવામાં આવેલા પ્યારને જીવનની ચડપી-પડતીમાં પોતાની જાતને સંભાળતો જોવા મળશે.

એક સંસ્કારથી ભરેલી વાત આપને જણાવવી છે. દરેક કાર્યાલયમાં કામ કરતી વ્યક્તિ વચ્ચે પણ એક મીઠો સંબંધ બંધાઇ જાય છે. તેમાં દરરોજ બધા પોતાના ઘરેથી વિવિધ વ્યંજનો બનાવીને ખાસ સહકર્મચારીને ચખાડવા માટે લઇ આવે. ડબ્બા બધાના ખૂલે વાનગીઓની લહેજત બધા જ માણે. ત્યારે ખવડાવવાના - ખાવાના શોખીન કોઇ બોલે પણ ખરું કે, 'આજે તો મઝા પડી ગઇ!' કેમ? તો જવાબ મળશે કે અજયભાઇના લંચબોક્સમાં આવેલી મસાલેદાર ભાખરીમાં, તેમની દાદીની કરકસર દ્વારા કરાયેલી કરામતની અને યાદોની મિઠાશ સમાયેલી હતી. ત્યારે અજયભાઇનાં ચહેરાં પર તેમના દાદી પ્રત્યેનો પ્યાર છલકાતો જોઇ શકાય. હવે નિર્ણય આજના આધુનિક યુગના દંપતીઓએ લેવાનો છે. તમો પણ તમારા સંતાનો પાસે ક્યારેક તો દાદા-દાદી કે નાના-નાનીનો પ્યાર કેવો હતો તેની વાતો જણાવતા જ હશો! તે મીઠી યાદોને વાગોળીને એક છુપો આનંદ મેળવ્યો હશે. જાણ્યે અજાણ્યે, શું તમારા સંતાનો પણ તેમના દાદા-દાદી, નાના-નાનીના ઉષ્મા ભરેલ પ્યારને, તેઓ મોટા થાય ત્યારે યાદ કરી શકે તે હક છીનવી તો નથી લેતા ને? તેનો જવાબ તમારે તમારી જાતને પૂછવો રહ્યો. દાદા-દાદી પ્રત્યેની લાગણી, મમતા, સ્નેહ જ બાળકોને પણ જીવનમાં કર્તવ્યનિષ્ઠા અને સચ્ચાઇના પાઠ ભણાવી શકે છે. જીવનમાં દરેક ક્ષેત્રે બાંધછોડ અતિ આવશ્યક છે. હવે નિર્ણય આપે કરવાનો છે કે બાળકેને ફક્ત 'બેબીસિટર' પાસે મૂકીને દિવસો પસાર કરાવવા છે કે પછી સાચા સંસ્કાર આપતાં સ્નેહાળ વડીલોની નિગરાનીમાં ઉછેરવાં છે.

# મુંબઇવાસી ડૉકટર હેમેને શાહની ગઝલોમાંથી સમાજની કડવી વાસ્તવિકતાઓ પ્રત્યે અંગુલી નિર્દેશ

## ચેતનાનો સમય

પ્રો. ઇન્દુભાઇ ભટ્ટ

નાનકડી ગઝળ માનવજીવન માટે ઉપયોગી સંદેશો આપતી હોય છે. ગઝલોમાંથી સમાજની કેટલીક કડવી વાસ્તવિકતાઓના દર્શન થાય છે અને તેમાં સમાજમાં ચેતના જગવતો સંદેશો હોય છે. હેમેન શાહ રચિત વિવિધ ગઝલોનો સંદેશો જોઇએ.

**"સાહિત્ય તો પૂજાય છે, વંચાય કયાં અહિં?**
**ભગવદ્ગીતાનું સોગંધ માટે જ કામ છે"**

આપણા સમાજમાં કેટલાક ધાર્મિક ગ્રંથો ગ્રંથાલયોમાં ગોઠવાયેલા હોય છે અને ઘરોમાં મંદિરમાં પૂજા માટે રખાતાં હોય છે. ધર્મનાં ગ્રંથોમાં માનવ સમાજ માટે ઘણાં ઉપયોગી સંદેશા હોય છે. માનવ સમાજમાં ચેતના જગવતી બાબતો હોય છે. પણ લોકો આવા ગ્રંથોનું વાંચન ઓછા કરતાં હોય છે. ગઝલમાં તો ભગવદ્ ગીતાનો દાખલો આપીને ટકોર કરી છે. આપણું ધાર્મિક સાહિત્ય માત્ર પૂજાય છે પણ વંચાતું નથી. ન્યાયાલયોમાં સોગંદનામા માટે ભગવદ ગીતા રાખેલી હોય છે. ગીતા ઉપર હાથ મુકીને સોગંધનામું લેતાં ગુન્હેગાર કહે છે કે હું જે કાંઇ કહું છું તે સત્ય કહું છું. ભલે પછી તે ખોટું બોલતો હોય. જો કે આવી પ્રથા હવે પિકચરોમાં જ જોવામાં આવે છે.

બીજી એક ગઝલમાં ગઝલકાર કરે છે કે -

**"રસ્તે રસ્તે શઠ ઉભા છે**
**મંદિર, મસ્જિદ, મઠ ઉભા છે."**

માનવી તેની ધાર્મિક ભાવના સંતોષવા પોતપોતાના મંદિર, મસ્જિદ કે મઠ જતાં હોય છે. જો કે સમાજમાં મંદિરો છે. મસ્જિદો છે. મઠો છે છતાં રસ્તે રસ્તે ઠેરઠેર શઠ લોકો જોવામાં આવે છે. જૂઠા, લૂચ્ચા, લફંગા લોકો સમાજમાં જોવામાં આવે છે. માણસમાં ધાર્મિક ભાવના છે. છતાં તેનામાં જૂઠાપણું, લુચ્ચાઇ, લફંગાઇ જોવામાં આવે છે. શઠ લોકો પણ મંદિરે, મસ્જિદે, મઠ ઉપર દર્શન કરવા જતાં હોય તો તેનું શઠ પણું છોડતાં નથી. આવો શઠ લોકોની ભક્તિ માત્ર દંભ છે દેખાડો છે.

ત્રીજી એક ગઝલમાં કહે છે કે -

**"માણસોને સ્પષ્ટ પારખવા બહુ મુશ્કેલ છે.**
**સાવ નકલી રત્નનો ચળકાટ પણ ઓછો નથી."**

માણસ જેવો બહારથી દેખાય છે તેવો અંદરથી નથી. માણસની વાણી-વર્તન - વ્યવહાર દંભી અને નકલી હોય છે. માણસને ઓળખવો પારખવો મુશ્કલે છે. આવા નકલી દંભી માણસના ચળકાટ વધુ હોય છે. વાણીમાં મધુરતા હોય પણ અંદરથી કડવો ઝેર હોય છે. જેમ કે નકલી દાગીનાઓનો ચળકાટ વધુ હોય છે. આવા નકલી માણસોથી ચેતતા રહેવાનો સંદેશો છે.

ચોથી એક ગઝલમાં ગઝલકાર કહે છે કે -

"બહારથી આનંદ-મંગળ લાગતી આ વસ્તીમાં
વ્યક્તિગત રીતે જુઓ તો તલસાટ પણ ઓછો નથી."

આજે સમાજમાં મોટા ભાગનાં લોકો કાંઇક ને કાંક ગડમથલમાં પડેલાં હોય છે. કાંઇક ને કાંઇક સમસ્યાઓથી ઘેરાયેલાં હોય છે. આવા કેટલાક લોકો બહારથી આનંદ મંગલ લાગે. પણ આનંદમંગલ લાગતા સમાજમાં વ્યક્તિગત રીતે ડોકીયું કરવા જાવ તો તેનામાં કંઇક ને કંઇક તલસાટ માલૂમ પડે છે. અંદરથી રઘવાયો હોય છે. પણ બહારથી આનંદમંગલ ભાસે છે.

આવી જ કાંઇક વાત બીજી એક ગઝલમાં કરી છે.

**"સૂર કે તાલનું ના ઠેકાણું,**
**જેમ પૂછો કહે છે, જલસા છે"**

તમે રસ્તે જતાં કોઇ ઓળખીતા પાળખીતા મિત્ર સગાવહાલાં મળી જાય અને ખબર અંતર પુછો કે ભાઇ કેમ છો? મજામાં? તો જવાબ મળશે હોય આપણે તો જલસા છે. પણ વાસ્તવમાં જોતાં તેની જિંદગીમાં કોઇ સૂર કે તાલનું ઠેકાણું હોતું નથી તેની જિંદગીમાં કોઇ શાંતિના સૂર કે તાલના દર્શન થતાં નથી.

બીજી એક ગઝલમાં ગઝલકાર કહે છે કે -

**"તારી અંગત વેદનામાં વિશ્વને કોઇ રસ નથી**
**બંધ કર વાંજિત્ર, અહિં ઘોંઘાટ પણ ઓછો નથી."**

કેટલાક લોકો પોતાની અંગત જીંદગીની વેદના જયાં ત્યાં ઠાલવતા રહેતા હોય છે. લોકોને તમારી કોઇ અંગત વેદનામાં રસ હોતો નથી. ગઝલકાર કહે છે કે તમે તમારી વેદનારૂપી વાંજિત્રો ઠાલવવાનું બંધ કરો કારણ કે સમાજમાં તમારા જેવી જ વેદના ધરાવતા લોકો હોય છે. સમાજમાં એટલો ઘોંઘાટ હોય છે અને દરેક માણસ પોતપોતાનામાં વ્યસ્ત હોય છે કે આ ઘોંઘાટમય વાતાવરણમાં તમારી વેદના કોઇ સાંભળવાનું નથી. તમારે પોતે જ તમારી વેદનામાંથી બહાર નીકળવાનું છે તમે પોતે જ તમારી જાતને મદદરૂપ થઇ શકો છો અને વેદનામાંથી બહાર નીકળી શકો છો.

બીજી એક ગઝલમાં પશુપંખીઓના પ્રેમની વાત કરી છે.

પશુપંખીઓ તેમના સંવનન કાળમાં ખુલ્લામાં, માનવ વસ્તીની હાજરીમાં તમારી હાજરીની અવગણના કરીને પણ ટેસથી સંવનન કરતાં હોય છે. એક સ્વીડન દેશ એવો છે કે જયાં તેનો નાગરિક ખુલ્લામાં માનવવસ્તીની હાજરીમાં તેની પ્રેમિકા સાથે આલિંગનો કરતો હોય છે. આ દેશમાં ફ્રીસેક્સ છે. (પશુપંખીઓની જેમ)

બીજી એક ગઝલમાં ગઝલકાર કહે છે કે -

**"ઝાડવા માટે કુહાડી પુરતી**
**કઇ રીતે ઘેઘુર લાલચ કાપીએ?"**

એક ધારદાર કુહાડીની ઝાળને કાપી શકીએ પણ માણસની લાલચને ગમે તેવી કુહાડીથી કાપી શકાતી નથી. લાલચુ માણસની લાલચને ભેદી શકવી મુશ્કેલ છે. આવાં લાલચું માણસની લાલચને ભેદવાની તકલીફ કર્યા વગર તેનાથી દૂર રહેવું સારું.

બીજી એક ગઝલમાં ગઝલકાર કહે છે કે -

**"નિસાસાની ચાદર હું વણતો નથી,**
**કે વેરાનીના મંત્ર ભણતો નથી."**

ગઝલમાં સંદેશો છે કે માણસે નિસાસા નાખવાનું બંધ કરવું જોઇએ. જીંદગીની વેરાની, જિંદગીના દુ:ખો તકલીફો ના ગાણા ગાવા કે જયાં ત્યાં નિસાસા નાખવાની ટેવ માણસે ભૂલી જવી જોઇએ. ગઝલકાર સ્વગત કહે છે કે હું જયાં ત્યાં નિસાસા નાખતો નથી કે દુખના ગાણા ગાતો નથી.

બીજી એક ગઝલમાં કટાક્ષ કર્યો છે.

**"જયાં તમારી હો પ્રશંસા ચાલતી,**
**ત્યાંથી ચાલીને જવું સહેલું નથી."**

આમાં એક માનવ સ્વભાવની લાક્ષણિકતાની વાત કરી છે. માણસને ખૂદની પ્રશંસા સાંભળવી બહુ ગમે છે. પોતાના વખાણ થતાં હોય પોતાની વાહ વાહ થતી હોય એ જગ્યાએથી માણસને ચાલી જવું ગમતું નથી. આ એક મનોવૈજ્ઞાનિક બાબત છે. એક નાના બાળકને પણ તેની પ્રશંસા સાંભળવી ગમે છે. જો કે પ્રશંસામાં સત્યતાનો રણકો હોવો જોઇએ. ખોટી બનાવટી પ્રશંસામાં માનવી ક્યારેક છેતરાઇ જતો હોય છે.

છેલ્લી એક ગઝલ જોઇ લઇએ.

**"અધોગામી ગાડરીયા વહેણોની સામે**
**રહી છે મને દુશ્મનાવટ હંમેશાં**
**પ્રવાહોમાં ઘસડાઇ જવાને બદલે**
**જવાનું મેં રાખ્યું છે ઉપરવટ હંમેશાં."**

માણસ કયારેક ગાડરીયા પ્રવાહમાં તણાઇ જતો હોય છે તેમાં પોતાની વ્યક્તિગત વિચારસરણી કે સિદ્ધાંતોને પડતા મુકીને લોકોના ગાડરીયા પ્રવાહમાં તણાઇ જતાં લોકોને માટે સંદેશો છે કે ગાડરીયા પ્રવાહમાં તણાઇ જવાને બદલે તમારા પોતાના વિચારોને વળગી રહો. આવા ગાડરીયા પ્રવાહોમાં તણાઇ જવાને બદલે તમે એવા ગાડરીયા પ્રવાહોથી ઉપરવટ જઇને તમારા પોતાના વિચારો-સિદ્ધાંતોને વળગી રહો.

# મન મુક્ત તો માણસ પણ મુક્ત

## અક્ષયપાત્ર

- બકુલ દવે

બન્ધુરાત્માત્મનસ્તસ્ય યેનાત્મૈવાત્મના જિતઃ ।
અનાત્મનસ્તુ શત્રુત્વે વર્તેતાત્મૈવ શત્રુવત્ ॥

- ભગવદ્ ગીતા

(જેણે પોતાનું મન જીત્યું છે તેના માટે તે શ્રેષ્ઠ મિત્ર છે, પણ જેણે પોતાનું મન જીત્યું નથી તેના માટે તે પરમ શત્રુ છે.)

માણસ જન્મે છે ત્યારે મન સાથે હોય છે. પછી એ મૃત્યુ પામે છે ત્યાં સુધી એનાં શરીર અને મનમાં નિરંતર પરિવર્તન થતાં રહે છે. આ પરિવર્તનનો જીવનનાં અનેક રહસ્યોને ઉદ્ઘાટિત કરતાં રહે છે. અંતે, મૃત્યુ સમયે માણસ કેવું મન લઇ શરીર છોડે છે એમાં એના સમગ્ર જીવનનો સાર અને મૃત્યુની મહત્તા નિહિત હોય છે.

મન હોય તે માનવ. મન સાથે કેટકેટલી ક્રિયાઓ જોડાયેલી છે. મન લાગવું, મન રાખવું, મન ભરાવું, મન મળી જવું, મન મારવું... વગેરે. આ યાદી પરથી મન કેટલું પ્રભાવશાળી છે તે સમજાય છે. એને સાથે રાખીને કેટકેટલી ભાવનાઓ, ઇચ્છાઓ અને લાગણીઓ વ્યક્ત થતી રહે છે. મન સાથે મિત્રતા હોય તેને મનોબળવાળો કહેવાય છે અને હાલકડોલક નિર્બળ મનની વ્યક્તિને મનરોગી (Psycho)

શરીર દૃશ્ય છે અને મન અદૃશ્ય. જે નરી આંખે દેખાય એવું માણસને મહત્ત્વ હોય છે. એ શરીરને મહત્ત્વ આપે છે, પણ જેને ખબર છે તે મન સાથે સંવાદિતા નહીં હોય તો શરીર નકામું છે. મન સાથે મેળ, મન સાથે મૈત્રી એટલે મન સાથે દેહની જુગલબંધી. એમાં સાચા સૂર, લય અને તાલ સધાય છે ત્યારે જીવન સંગીતમય બની જાય છે. નીરવનું એ સંગીત મુક્તિનાં દ્વાર ભણી દોરી જતું હોય છે, પણ મન સાથે મૈત્રી સાવ સહજ નથી. ભગવદ્ગીતામાં જ મનને જીતવાની બાબતમાં અર્જુને ભગવાન શ્રીકૃષ્ણ પાસે મુશ્કેલી વ્યક્ત કરતાં કહ્યું કે મન ચંચળ, અતિ તોફાની, હઠીલું અને મહાબળવાન છે. તેને વશ કરવું તે વાયુને વશ કરવા જેટલું કપરું છે. (સાંખ્યયોગ : ૩૪)

મન લપટણું છે અને છટકણું પણ છે. નિરક્ષીરનો ભેદ કર્યા વગર શરીરની ઇચ્છાઓને પોષવામાં આવે તો મન પણ બગડે. એવા મનસ્વી ન થવાય કે મન બેકાબૂ અને બેફામ બને. મનને દુરસ્ત રાખવા જતાં, એને નિયંત્રિત કરવામાં શરીરે શિસ્તમાં રહેવાની તકલીફ થાય છે, પણ સતત પ્રયત્નશીલથી એના ધમપછાડા શાંત થઇ જાય છે ને તે કહ્યાગરુ બની જાય છે, મિત્ર બની રહે છે. મન દીવાની જયોત જેવું છે. ઇચ્છાઓ - અપેક્ષાઓનો પવન ચોમેરથી ફૂંકાય છે. ત્યારે જયોત અસ્થિર બને છે, પણ ધૃતિ જાળવી; એકાગ્રતા કેળવી તેનો અધ્યાસ થતો રહે તો પવન પડી જાય છે ને જયોત સ્થિર થઇ જાય છે.

રહીમનો એક દોહો છે -

જો રહીમ ન હાથ હૈ, તો તન કહુ કિન જાહિ, જલ મેં જો છાયા પરે, કાયા ભીંજતી નાહીં.

અર્થાત્ : મન પર કાબૂ હોય તો પછી તનને જયાં જવું હોય ત્યાં ભલે જાય, શરીરનું બિંબ પાણીમાં પડે તેથી શરીર ભીંજાતું નથી.

માણસ બિલકુલ ઇચ્છાશૂન્ય ન થઇ શકે. તેથી ઇચ્છાઓને સાથે રાખી, એને સાકાર કરતાં રહી મન નિયંત્રિત રહી શકતું હોય તો તે માર્ગ શ્રેષ્ઠ છે. સ્વાદિષ્ટ વાનગીઓની કલ્પનામાં રાચ્યા કરતાં ઉપવાસીની તુલનામાં મિતાહારીનું તપ ચડિયાતું હોય છે. મન બદ્ધ હોય તો માણસ બદ્ધ અને મન મુક્ત હોય તો માણસ પણ મુક્ત. જેવું મન તેવું તન અને જેવું મન તેવી મતિ. આ સંદર્ભે કબીરની એક સાખી મૂકી આલેખ પૂરો કરું છું.

મન કે બહુતક રંગ હૈ, છિનછિન બદલે સોય ।
એક રંગ મેં જો રહે, એસા બિરલા કોય ॥

મન બહુરૂપી હોવાને કારણે ભાવનાઓ ક્ષણે ક્ષણે બદલાતી રહેતી હોય છે. જો કે ભાવના સદૈવ એક જ રંગમાં - એક જ સ્થિતિમાં રહે એવા વિરલા તો કોઇક જ હોય છે.